**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૬ ડિસેંબર ૨૦૦૮**

## હજૂએ પેટ્રોલ કરતાં વિમાની ઈંધણ સસ્તુંજ
## રાંધણગેસ સસ્તો ન થતાં સામાન્ય માણસને ઘોર નિરાશા - રામ નાઈક

**મુંબઈ,શનિવાર :** "આંતરરાષ્ટ્રીય બઝારમાં કાચા તેલની બૅરલ દીઠ ૧૪૭ પરથી ૫૦ ડૉલર કરતાંયે વધુ ભાવ નીચે ગયાં હોઈ પેટ્રોલ,ડિઝલ અને રાંધણગેસનો ભાવવધારો સરકારે પાછો ખેંચવો એવી સતત માગણી કર્યાં છતાં પ્રત્યક્ષે ફકત પેટ્રોલનોજ ભાવવધારો સરકારે પાછો ખેંચ્યો છે.ડિઝલ પર પ્રતિ લીટર રૂ.૩ /- વધાર્યાં હતાં,પણ હવે બે રૂપિયે ભાવ ઓછો કરવામાં આવ્યો છે,જયારેકે રાંધણગેસના ભાવ જરાપણ ઓછા ન કરી ફરી એક વખત કોંગ્રેસે સામાન્ય જનતા માટે ઘોર નિરાશા ઉભી કરેલ છે," આ મુજબની પ્રતિક્રિયા માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈકે આપેલ છે.

" કોંગ્રેસ સરકારે લિટર દીઠ પેટ્રોલ રૂ. ૫/-,ડિઝલ રૂ.૩/- અને રાંધણ ગેસ સિલિંડર દીઠ રૂ.૫૦/- ના પ્રમાણે જૂન ૨૦૦૮ માં મોંઘા કર્યાં હતાં.ત્યારબાદ આાંતરરાષ્ટ્રીય બઝાર માં કિમતો ઓછી થયાથી પેટ્રોલ,ડિઝલ અને રાંધણ ગેસના વધારેલ ભાવો અઠવાડિયામાં ઓછા કરીશું એવી જાહેરાત પેટ્રોલિયમ પ્રધાન શ્રી મુરલી દેવરાએ ૨૩ ઑકટોબર ના લોકસભા માં કરી હતી.પ્રત્યક્ષે આ સરકાર શ્રીમંતોના વિમાની ઈંધણ ના ભાવો ઓછા કરતી રહી .વિમાની ઈંધણ પેટ્રોલ કરતાંયે સસ્તું કરવાને કારણે ચોતરફથી ટીકાઓ થતાં હવે ભાવો ઓછા કરતાં હોવાનું દાખવવાં છતાં આ દિલાસો આંશિક છે.ડિઝલનો ભાવવધારો સંપૂર્ણ પાછો લેવાની જરૂર છે.રાંધણ ગેસ હજૂય મોંઘો જ રહ્યો છે," એવી ટીકા પણ શ્રી રામ નાઈકે કરેલ છે.

"ડિઝલના ભાવ વધ્યાં કે માલ વાહન અને મુસાફરી વાહનો મોંઘા થયાં,પર્યાયે જીવનાવશ્યક વસ્તુના ભાવો વધ્યાં અને મોંઘવારી વધી.માટે ડિઝલનો ભાવવધારો પૂર્ણ પાછો ખેંચ્યા સિવાય જનતાને સાચો દિલાસો મળવાનો નથી.તેમજ રાંધણગેસનો ભાવવધારો ચાલૂ રાખી ખરીરીતે તો જનતાની ફસામણી જ કરેલ છે." એમપણ શ્રી રામ નાઈકે કહ્યું છે.વિમાન ઈંધણ લિટરદીઠ રૂ.૪૦.૬૯,અને પેટ્રોલ લિટરદીઠ રૂ.૫૦.૦૭ છે.અર્થાત હજૂ પણ વિમાની ઈંધણ જ પેટ્રોલ કરતાં સસ્તું છે,એ તરફ શ્રી રામ નાઈકે ધ્યાન દોર્યું હતું."કોંગ્રેસે હાલ ઓછા કરેલ ભાવ પણ ઉપઉપલાં પાટાપીંડી છે .જો સામાન્ય જનતાની ખરી પીડા હોય તો જૂન ૨૦૦૮ માં કરેલ સંપૂર્ણ ભાવવધારો પાછો ખેંચવો," આ મુજબની માગણી પણ શ્રી રામ નાઈકે અંતે કરેલ છે.

(કાર્યાલય સચિવ)